# ઘુશ્મેશ્વર જ્યોર્તિલિંગની કથા

'જ્યોતિર્લિંગ' એ સર્વોચ્ચ ભિન્ન ન કરી શકાય એવું સત્ય માનવામાં આવે છે જેમાં ભગવાન શિવનો અંશ રહેલો હોય છે.આ બાર જ્યોતિર્લિંગ એવા સ્થળો છે જ્યાં ભગવાન શંકર દિવ્ય જ્યોતિ સ્વરૂપે પ્રગટ થયા હતાં.ઘુશ્મેશ્વર ભગવાન શિવના જ્યોતિર્લિંગમાંનું બારમું જ્યોતિર્લિંગ છે.આ



મંદિર મહારાષ્ટના ઔરંગાબાદ નજીક આવેલા દૌલતાબાદથી ૧૧ કિમી દૂર અવેલું છે.આ મંદિર વિશ્વ પ્રસિદ્ધ ઈલોરાની ગુફાઓ નજીક આવેલું છે.

ઘુશ્મેશ્વર મંદિરનું પુનઃનિર્માણ ૧૬મી સદીમાં વેરૂળના માલોજી રાજે ભોંસલે (શિવાજીના દાદાજી)દ્વારા કરવામાં આવ્યું હતું ત્યાર બાદ ૧૮મી સદીમાં અહિલ્યાબાઈ હોળકર દ્વારા તેનું પુનઃનિર્માણ કરાયું.જીવનમાં એકાંતિક જ્ઞાન મુક્તિ આપતું નથી અને એકાંતિક ભોગ પણ યોગ્ય નથી તેથી આ બંન્નેનો સમન્વય જરૂરી છે.ભગવાન શ્રીકૃષ્ણએ ત્યાગ અને ભોગનો સમન્વય પોતાના અવતારકાળમાં કરી બતાવ્યો છે.ફક્ત ભોગ અધઃપતનના માર્ગે લઈ જાય છે અને ફક્ત વિરક્તના વિચારો માનવીને શુષ્ક બનાવે છે.આ બંન્નેનો સમન્વય થયો તે સ્થળ એટલે ઘુશ્મેશ્વર..

સુશર્મા નામનો સુખી સંપન્ન જ્યોતિષ શાસ્ત્રનો વિદ્વાન બ્રાહ્મણ પોતાની પતિ પરાયણા સુંદર પત્ની સુદેહા સાથે રહેતો હતો.સુશર્મા અને સુદેહા સાધનસંપન્ન હતા પરંતુ તેમને સંતાન ન હોવાથી લોકોના વ્યંગ્ય બાણો અને અપમાન સહન કરવાં પડતાં હતાં.એકવાર પતિ પત્ની સાથે બેઠા હતા ત્યારે સુદેહા કહે છે કે તમે બધાનું ભાગ્ય જુઓ છો તો આપણે સંતાન સુખ છે કે નહી તે તો જુઓ.સુદેહાનું માતાનું હદય સંતાન સુખ ઈચ્છતું હતું.



સુશર્માએ કુંડલી જોઈને કહ્યું તારા ભાગ્યમાં સંતાન સુખ નથી પરંતુ સુદેહાને સંતાન સુખની ભૂખ હતી. એક દિવસ આત્મધાતની ધમકી આપીને સુદેહાએ પોતાના પતિને બીજા લગ્ન કરવા માટે રાજી કરી લીધા. સુદેહાએ પોતાની સુંદર નાની બહેન ધુશ્માને બોલાવીને તેનો વિવાહ સુશર્મા સાથે કરાવ્યો.ધુશ્મા રોજ ભગવાન શિવજીનું પાર્થિવ લિંગ બનાવી પૂજા કરી તળાવમાં વિસર્જન કરતી.

આનંદમાં સમય પસાર થતા ધુશ્મા પુત્રવતી થઈ પણ વિધિની ગતિ અકળ છે.ઘણી આશા અને અરમાન સાથે સુદેહાએ પોતાના પતિને પરણાવ્યો.કોઈપણ સ્ત્રી આટલી ઉદાર ના થઈ શકે છતાં હંમેશાં હસતી અને શોક્યને પ્રેમ આપતી.બાળક મોટું થતાં સુદેહા તેને જમાડવા સાથે બેસાડે ત્યારે બાળક તેના હાથનું જમે નહી, લાડ કરવા જાય તો બાળક તિરસ્કાર કરે.કોન જાણે કયા ભવનું વૈર લેતું હશે આ બાળક..! તેથી સુદેહાનું દિલ ભાંગી ગયું.

સમય અને સંજોગો બદલાતા માનવીના ગુણો પણ બદલાઈ જાય છે.ભાગ્યા મન ફરીથી સંધાતા નથી તેથી આપણે ખુબ અગમચેતી રાખી જીવન વ્યવહાર કરવો જોઈએ.ઉદાસ સુદેહાનો સદગુણો ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો.ભગવાન ઉપરની શ્રદ્ધા પણ ગુમાવી દીધી.સમય જતાં છોકરો મોટો થયો અને તેના લગ્ન લેવાયાં.પરણવા જતી વખતે ઘુશ્માએ કહ્યું કે બેટા..પહેલાં સુદેહાને પ્રણામ કર.આ જગતમાં તૂં આવ્યો છે તેનું કારણ સુદેહા છે પરંતુ સુદેહા માટે પૂર્વજન્મનો અત્યંત તિરસ્કાર લઈ આવેલા આ છોકરાએ સુદેહાનું અપમાન કર્યું અને તે જ ઘડીથી સુદેહામાં રહેલી થોડીઘણી સાત્વિકત્તા પણ મરી પરવારી.આસુરી વિચારોએ તેના મન ઉપર કબજો જમાવ્યો.સુદેહા વિચારે છે કે જે સુખ માટે મેં આ બધુ કર્યું તેનું આ પરીણામ..! હું પણ જોઉં છું કે તે હવે સુખથી કેમ રહે છે? જેના માટે મેં જીવનનું સર્વસ્વ આપી દીધું,મારૂં સુખ ન્યોછાવર કર્યું તેને મારી કોઈ કિંમત નથી તો પછી હું શા માટે તેને જગતમાં રહેવા દઉં?

ઘુશ્મા રોજ સુદેહાને સમજાવતી હતી કે બહેન..તૂં તો મહાન છે.તારૂં મન ભગવાન જેવું છે.થોડી ધીરજ રાખો.ભગવાન સૌ સારૂં કરશે.ત્યારે સુદેહા સ્પષ્ટ કહેતી કે હવે મને ભગવાન સાથે કોઈ નિસ્બત નથી,મને તારા પૂજનમાં રસ નથી.ઘુશ્મા કહે છે કે બહેન તૂં તો મહાન છે.તારૂં મન ભગવાન જેવું છે તારા મોઢે ભગવાન વિશે ખરાબ શબ્દો શોભતા નથી.ખુબ પ્રેમથી,શાંતિથી તેને ભગવાન તરફ વાળવા પ્રયત્નો કર્યા પરંતુ કામનાગ્રસ્ત બુદ્ધિના લીધે તેનો ક્રોધ વધતો ગયો.

એક રાત્રે સુદેહા છોકરાને મારી નાખવાના હેતુથી તેના પલંગ પાસે જાય છે,તે સમયે તેનું મન દ્વિધામાં પડ્યું.તેને થયું કે હું આ બાળકને શા માટે મારી નાખું? તરત જ બીજું મન કહેતું કે આ બાળકે મારા સુખ-ચૈન હરી લીધા છે,તેણે મારી જીવન ઉપરની અને ભગવાન ઉપરની શ્રદ્ધા ઉડાડી છે.મારા સદગુણો અને વાત્સલ્યને ઠુકરાવ્યું છે તેથી તેને મારી જ નાખવો જોઈએ,પાછું તેનું અંતરમન કહેતું કે આવું ખતરનાક કામ ના કરતી,તારો પતિ પૂત્રહીન થશે અને તારા જીવનનું સ્વપ્ન નષ્ટ થશે.

આવેશમાં આવેલી સુદેહાએ છોકરાને મારીને તેની લાશ પાસેના તળાવમાં કે જ્યાં ઘુશ્મા રોજ શિવલિંગ વિસર્જન કરતી હતી તેમાં ફેંકી દીધી.થોડાક સમય માટે તેને હર્ષ થયો કે પોતાની નજર સામેથી પાપ ગયું પરંતુ તેને ક્યાં ખબર હતી કે હજાર આંખોવાળો પરમાત્મા આ બધું જોતો હતો.સવારે પૂત્રવધુએ પતિના પલંગમાં લોહીનું ખાબોચિયું જોયું તો ભયભીત થઈને તેને ચીસ પાડી.આખા ગામમાં આક્રંદ ફેલાયો તમામ લોકોએ શોક વ્યક્ત કર્યો.

ઘુશ્મા ભગવાન શિવજીની પૂજા કરતી હતી.કોઈકે જઈને ઘુશ્માને સમાચાર આપ્યા કે તારો દિકરો મરી ગયો છે.વાસ્તવમાં પોતાનો દિકરો મરી ગયો છે તે જાણીને કોઈપણ માં આકુળવ્યાકુળ થાય પરંતુ ઘુશ્મા ભાવસ્થાનમાં હતી.તેણે કહ્યું કે મારૂં મન ચંદ્રમૌલિશ્વર પાસે પ્રસન્ન છે,શાંતિ અનુભવે છે તેથી મને કોઈ ખલેલ ના પહોંચાડશો.કોણ અને કોનો છોકરો મરી ગયો તે મારે સાંભળવું નથી, આમ કહી તે પૂજા કરતી રહી.લોકોને લાગ્યું કે તેની પાસે માં નું દિલ નથી,તે ગાંડી થઈ ગઈ છે.હંમેશાં જગતનો નિયમ છે કે તે ડાહ્યાને ગાંડો કહે છે.જાણે કંઈ બન્યું જ નથી તે ભાવથી રોજની જેમ ઘુશ્મા શિવલિંગ લઈને તે તળાવ તરફ ચાલવા લાગી.સુદેહા સહિત સમગ્ર ગામલોકો પણ તેની સાથે ચાલવા લાગ્યા.તળાવ પાસે આવીને ઘુશ્મા કહેવા લાગી કે હે ભગવાન..તમારો મારી ઉપર પ્રેમ હોય તો આ લોકોને સમજાવો કે મારી શાંતિનો ભંગ ના કરે.

ભગવાન ચંદ્રમૌલિશ્વરને લાગ્યું કે આવું દુઃખ હોવા છતાં મારા ઉપર આવો અવિચળ ભાવ..! ભગવાન પ્રસન્ન થયા અને કહ્યું કે ન મે ભક્ત પ્રણશ્યતિ.. તારો છોકરો મરી શકે નહી,તૂં એકવાર તેને હાંક માર,તારો છોકરો તને મળશે.ઘુશ્માએ હાંક મારી અને તળાવમાંથી છોકરો દોડતો દોડતો બહાર આવ્યો.ભગવાને આવેશમાં કહ્યું કે તમે બંન્ને બહેનો સાત્વિક છો.સુદેહાએ જીવનનો મોટાભાગનો સમય સાત્વિકતામાં પસાર કર્યો છે પરંતુ થોડીક આપત્તિ આવતાં તે ઈશ્વર વિરોધી થઈ ગઈ.તેણે ચાંડાલ જેવું કાર્ય કર્યું છે એટલે તેને મૃત્યુની સજા મળશે.ઘુશ્માએ ભગવાન શિવની સ્તુતિ વંદના કરી અને સુદેહાને દંડિત ન કરવાની પ્રાર્થના કરી કે મારી બહેને કોઈ ખરાબ કામ કર્યું નથી.આવી બહેન મળવી દુર્લભ છે.પ્રભુ તમે પ્રસન્ન થાવ.તમારા દર્શન થાય તેવી સ્થિતિ સુદેહાએ જ નિર્માણ કરી છે.કદાચ તેના હાથે અઘટીત થયું હોય,પાપ થયું હોય તો ભગવાન આપ તો પતિતપાવન છો.

ગુસ્સે થવું હોય તો મારા ઉપર થાવ.મારો પૂત્ર પાછો આપવો ના હોય તો ના આપતા પણ મારી બહેનને મૃત્યુદંડ ના આપશો.જેને આવું ઉચ્ચ જીવન-ભવ્ય જીવન જીવી મને જીવતા શિખવાડ્યું તે મારી બહેનનો ઉદ્ધાર કરો.ઘુશ્માની સાથે સાથે સુદેહાનો પણ ભગવાન શિવે ઉદ્ધાર કર્યો.ઘુશ્માએ અત્યન્ત વિનીત શબ્દોમાં શિવજીની વિનંતી કરી કે જો આપ પ્રસન્ન થયા હો તો સંસારની રક્ષા માટે હંમેશને માટે અહીં જ નિવાસ કરો.ભગવાન શિવે ઘુશ્માની પ્રાર્થના સ્વીકારી અને જયોતિર્મય લિંગના રૂપમાં ત્યાં જ સ્થિત થઈ ગયા તે ઘુશ્મેશં જ્યોર્તિલિંગ.

શિવ ભક્ત સતી ધુશ્માની આરાધનાને કારણે સદાશિવ અહીં પ્રગટ થયા હોવાથી ધુશ્મેશ્વર મહાદેવ તરીકે પ્રખ્યાત થયા.આપણે બધા જીવનમાં સંઘર્ષ કરીને આગળ વધીએ છીએ,ઉન્નત બનીએ છીએ પરંતુ મનને પ્રતિકૂળ પરિસ્થિતિ આવતાં જ લપસી પડીએ છીએ આવા સમયે ઘુશ્મેશ્વર જ્યોર્તિલિંગ આપણને આશ્વાસન આપે છે.

**આલેખનઃ**
**વિનોદભાઇ માછી નિરંકારી**

## બ્રહ્માકુમારીઝ, સેક્ટર-૨૮, ગાંધીનગર દ્વારા

# કૃષિભવનમાં કૃષિ નિયામક અને પશુપાલન નિયામકની કચેરીમાં 'નશામુક્ત ભારત અભિયાન' અંતર્ગત રક્ષાબંધન યોજાયું






ગાંધીનગર, તા. ૨૭

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેક્ટર.૨૮,ગાંધીનગરના પ્રભારી આદરણીય રાજયોગિની કૈલાશદીદીજી દ્વારા કૃષિભવનમાં પશુપાલન નિયામક અને કૃષિ નિયામકની કચેરીમાં 'નશામુક્ત ભારત અભિયાન' તળે અધિકારીઓ અને કર્મચારી ભાઈ-બહેનોના પવિત્ર તહેવાર રક્ષાબંધનનું આયોજન કરવામાં આવ્યું. ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા બ્રહ્માકુમારીઝ સાથે ૪, માર્ચ ૨૩ના રોજ 'નશા મુક્ત ભારત અભિયાન' માટે ત્રણ વર્ષના ગાળા માટે થયેલ એમ.ઓ.યુ. અંતર્ગત બ્રહ્માકુમારીઝ અને તેની ભગિની સંસ્થા રાજયોગા એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનના મેડિકલ પ્રભાગ દ્વારા રક્ષાબંધનના આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યં હતું. જેમાં ઉપસ્થિત સૌને નશાથી થતાં નુકસાન અને રક્ષાબંધનનું આધ્યાત્મિક રહસ્યની સમજ આપી પરમપિતા પરમાત્મા શિવબાબાની ઈશ્વરીય શક્તિ અને આશીર્વાદયુક્ત રાખડી બાંધવામાં આવેલ. પ્રભુ વરદાન કાર્ડ આપવામાં આવેલ અને પ્રભુપ્રસાદથી મુખ મીઠુ કરાવવામાં આવ્યું હતું સાથે સાથે (૧) બીડી/ સીગારેટ/છીંકણી/તમાકુ/ગુટખા/ દારૂ/ડ્રગ્સથી મુક્ત થવાનો, (૨) ક્રોધ/ ઈર્ષ્યા/ અદેખાઈ/જૂઠુ બોલવું/ પરચિંતન જેવા દુર્ગુણોથી મુક્ત થવાનો, (૩) પોતાને સરકારનો ભાગ સમજી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવાનો,(૪) અરજદારની મુશ્કેલી સમજી, સહયોગ ભાવનાથી, નિઃસ્વાર્થપણે સંતોષકારક સેવા પુરી પાડવાનો અને (૫) સદા સંસ્થા, સમાજ, રાજ્ય અને દેશને વફાદાર રહેવાનો શુભસંકલ્પ પણ લેવડાવવામાં આવ્યું હતું.




શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારમાં પ્રાથમિક નિશાળમાં વિદ્યાર્થીને નોટ બુક, પેન્સીલ, ફુલ સ્કેપ ચોપડા તથા પેનનું વિતરણ કરવામાં આવ્યું આ સાથે બાળકોને નિશાળમાં રમવા ક્રિકેટના સાધન પણ આપ્યા હતા.

# ચિલોડા વિસ્તારમાં ચાલુ વર્ષે ઓગસ્ટ મહિનામાં વરસાદ ખેંચાતા ખેડૂતોનો પાક સુકાયો

ચિલોડા, તા. ૨૭


ગાંધીનગર તાલુકા ના ચિલોડા વિસ્તાર માં ચાલુ વર્ષે જૂન જુલાઈ મહિનામાં મેઘરાજા મહેરબાન થતા ખરીફ પાક તરીકે મુખ્યત્વે ડાંગર કપાસ અને મગફળીનું સરપ્રમાણમાં વાવેતર કરવામાં આવ્યું ત્યારે હાલમાં સાવન માસ હોવાછતાં છેલ્લા વીસ દિવસ થી વરસાદ ખેંચાતા ખેડૂતો નો પાક મુંઝાતા મૂશ્કેલીઓ વધી છે ત્યારે ખેડૂતો મહામૂલો પાક બચાવવા ટ્યુબવેલ દ્વારા પિયત પાણી આપવા મજબુર બન્યા છે ખેડૂતો વરસાદ માટે આકાશ તરફ મીટ માંડી રાહ જોઈ રહ્યા છે હવે પંદર દિવસ પછી મગફળી પાક તૈયાર થઈ ગયો હોવાથી કાઢવવા તૈયારી માં ખેડુતો ગેલમાં આવી ગયા છે પણ પાછોતર ભાદરવો મહિનો વરસાદ વરસે તો પાક નુકશાન ની દહેશત થી ખેડૂતો એકબાજુ પાકને બચાવવા વરસાદની તાતી જરૂરિયાત છે અત્યારેબીજી બાજુ પાછોતર વરસાદ વરસે તો મૂશ્કેલી રૂપ બનશે આમછતાં ગઈ કાલે



મોડી સાંજે ચિલોડા સિવાય જાખોરા છાલા ચંદ્રાલા મજરા ગ્રામ્ય વિસ્તાર માં હળવો વરસાદ પડ્યો હોવાના અહેવાલ મળ્યા છે




અતીતના આશીર્વાદ સેવા ટ્રસ્ટ' દ્વારા સંચાલિત વૃદ્ધાશ્રમના વૃદ્ધોને હિંદુ જનજાગૃતિ સમિતિ વતી ફળ વિતરણ કરાયું. તેની સાથેજ તેમને ધર્માચરણ અને સાધના કરવાનું મહત્ત્વ સમજાવીને કુળદેવી અને શ્રી ગુરુદેવ દત્ત આ બંને નામજપ કરવાનો લાભ કીધો. આ ઉપક્રમનો ત્યાંના બધા વૃદ્ધ રહેવાસીઓએ લાભ લીધો. ટ્રસ્ટ ના પ્રમુખોએ સંપૂર્ણ સહકાર આપ્યો.

વિદાય વસમી હોય છે!! શ્રીમદ ભાગવત સપ્તાહના અંતિમ દિવસે શ્રોતાઓ ભાવ વિભોર બન્યા...૮૮,૦૦૦ ઋષિ મુનિઓને સુત જી એ શ્રીમદ ભાગવત કથા તેમજ દરેક ધાર્મિક ગ્રંથોની કથા શ્રવણ કરાવી હતી એ પવિત્ર ભૂમિ નૈમિષારણ્ય ઉત્તર પ્રદેશ સતયુગ નું પ્રથમ ગંણાતુ પવિત્ર સ્થળ ખાતે કથાકાર જીતેશ શાસ્ત્રી શુકલ સુરત( જામખંભાળિયા વાળા ના શ્રી મુખે અમદાવાદ ના રણછોડ મહિલા મંડળ દ્વારા યોજાયેલ ભાગવત કથાના અંતિમ દિવસે ગુજરાતી. શ્રોતાઓ ની આંખો અશુભીની થઈ હતી અને ભાવ વિભોર બન્યા હતા મુખ્ય આયોજક બહેન પણ રડી પડ્યા હતા.

## શ્રી સોમનાથ ટ્રસ્ટ અને ગોકુલ હોસ્પિટલ દ્વારા

# યાત્રી સુવિધા કેન્દ્ર (T.F.C) ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો




શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા જનસેવાના કાર્યો અવિરત પણ કરવામાં આવે છે. આવનાર યાત્રીઓ અને સ્થાનિકોને સ્વાસ્થય સેવાઓનો નિશુલ્ક લાભ મળે તેના માટે ટ્રસ્ટ નિયમિત રૂપે આરોગ્ય કેમ્પ યોજે છે. તા.૨૭ઓગસ્ટ ના રોજ શ્રી સોમનાથ ટ્રસ્ટ અને ગોકુલ હોસ્પિટલ રાજકોટના સંયુક્ત ઉપક્રમે સોમનાથ ટ્રસ્ટના યાત્રી સુવિધા કેન્દ્ર (T.F.C) ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. શ્રી સોમનાથ ટ્રસ્ટના માન.ટ્રસ્ટી શ્રી જે.ડી પરમાર સાહેબ, જનરલ મેનેજર શ્રી વિજયસિંહ ચાવડા સાહેબ, મુકુંદભાઈ પુરોહિત,ગોકુલ હોસ્પિટલના વાઈસ પ્રેસીડેન્ટ શ્રી ઉર્મિશ વૈષ્નવ તેમજ કેમ્પમાં જોડાયેલી આરોગ્ય સંસ્થાઓના તબીબો દ્વારા દીપ પ્રાગટ્ય કરી સર્વરોગ નિદાન કેમ્પ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેનો ૨૦૦ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ આરોગ્ય કેમ્પમાં ન્યુરો અને સ્પાઈન સર્જન, ફિઝિશિયન અને ગંભીર રોગોના નિષ્ણાત,જનરલ તથા ટ્રોમા સર્જન,ઈ.એન.ટી. સર્જન, કાર્ડિયોલોજીસ્ટ, સ્કીન સ્પેશિયાલિસ્ટ, સાયકયાટ્રીસ્ટ, મો તથા જડબાના સર્જન, ઓથો અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન, ફીઝીયોથેરાપીસ્ટ, બાળરોગ નિષ્ણાત સહિતના નિષ્ણાત તબીબો દ્વારા લાભાર્થીઓની તપાસ કરવામાં આવી હતી. જેમાં સ્થાનિક તેમજ બહારથી આવનાર શ્રદ્ધાળુઓએ પણ લાભ લીધો હતો. કેમ્પના અંતે લોકો માટે સેવા આપનાર તબીબોનું શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર શ્રી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.